ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૪/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

for

(ડે. સેક્રેટરી જનરલ)

---

# ચેમ્બરમાં 'એનેબલીંગ હાઇ પર્ફોમન્સ ઇન ઓર્ગેનાઇઝેશન એન્ડ પીપલ' વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'એનેબલીંગ હાઇ પર્ફોમન્સ ઇન ઓર્ગેનાઇઝેશન એન્ડ પીપલ' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં આઇઆઇએમ અમદાવાદના એચઆરએમ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર બીજુ વાર્કીએ ઓર્ગેનાઇઝેશનની સફળતા પાછળ કર્મચારીઓનું ગુડ પર્ફોમન્સ અને ઓર્ગેનાઇઝેશન દ્વારા કર્મચારીઓના ગુડ પર્ફોમન્સ માટે આપવામાં આવતી ફ્રી હેન્ડ સત્તા વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહે તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન રજૂ કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે, કોઇપણ ઓર્ગેનાઇઝેશનની સફળતા પાછળ કર્મચારીઓની સખત મહેનત તથા કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચેનું કો–ઓર્ડીનેશન મહત્વની ભૂમિકા રજૂ કરે છે. આજના વકતાશ્રી આ દિશામાં આપણને મહત્વનું માર્ગદર્શન આપશે.

પ્રોફેસર બીજુ વાર્કીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, લોકો જ સંસ્થા બનાવે છે. સંસ્થા અને લોકો એકબીજા સાથે સંકળાયેલા છે. એચઆર એટલે બાય ડિઝાઇન, ડિઝાઇન ઓર્ગેનાઇઝેશન એન્ડ કન્સ્ટન્ટલી રીડિઝાઇન. હાઇ પર્ફોમન્સ એટલે કન્ટીન્યુઅસ ઇમ્પ્રુવમેન્ટ. કોઇપણ ઓર્ગેનાઇઝેશનની સફળતા માટે કર્મચારીઓનું ગુડ પર્ફોમન્સ અને ઓર્ગેનાઈઝેશન દ્વારા કર્મચારીઓને ગુડ પર્ફોમન્સ માટે આપવામાં આવતી ફ્રી હેન્ડ સત્તા

મહત્વની ભૂમિકા અદા કરે છે. કર્મચારીઓનો પોતાના ટાસ્ક પ્રત્યે મેનેજમેન્ટ અને ઓફિસ બેરર્સ સાથે રાઇટ કોમ્યુનીકેશન પણ મહત્વની બની રહે છે. ઓર્ગેનાઇઝેશનના વિકાસની સાથે સાથે કર્મચારીઓનો ગ્રોથ પણ જરૂરી હોય છે. દર વર્ષે કર્મચારીઓને પ્રમોશન નહી આપો તો ચાલે પણ તેમનો ઇકોનોમિક ગ્રોથ જળવાઇ રહેવો જોઇએ. ગુડ પર્ફોમન્સ માટે કોઇપણ કર્મચારીની એબીલીટી, મોટીવેશન અને ઓર્ગેનાઇઝેશનમાં મળતું એન્વાર્યમેન્ટ જવાબદાર હોય છે. મોટાભાગે એવુ બનતુ હોય કે કર્મચારીમાં કાબિલીયત હોય છે પણ ઓર્ગેનાઇઝેશનમાં ગુડ પર્ફોમન્સ માટે તેને સારુ વાતાવરણ મળતુ નથી. આથી એને સારુ વાતાવરણ મળવુ જ જોઇએ તો જ કર્મચારી ગુડ પર્ફોમ કરી શકે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કોઇપણ ઓર્ગેનાઇઝેશનની સફળતા માટે તેને કઈ દિશામાં જવુ છે તે લક્ષ હોવુ પણ જરૂરી છે. આ જ બાબત ઓર્ગેનાઇઝેશનની સાથે સંકળાયેલા દરેક કર્મચારીઓને પણ લાગુ પડે છે. ઓર્ગેનાઇઝેશનમાં કઈ કામગીરી કરવી છે તે બાબત કર્મચારી માટે સ્પષ્ટ હોવી જોઇએ. ગુડ પર્ફોમન્સ માટે કર્મચારીને પોતાના ટાસ્કને કમ્પ્લીટ કરવાની સાથે સાથે નોલેજમાં કન્ટીન્યુઅસ ઇમ્પ્રુવમેન્ટ પણ લાવવાની જરૂર હોય છે.

પ્રોફેસર વાર્લીએ વધુમા કહયુ હતુ કે, ઓર્ગેનાઇઝેશન, મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચે ગુડ કોમ્યુનીકેશન હોવુ જોઇએ. મેનેજમેન્ટ કર્મચારી સાથે કોમ્યુનેટ કરી ટાસ્કનું કમીટમેન્ટ લેતુ હોય છે અને કર્મચારીએ પણ કમીટમેન્ટ મુજબ કામ પુરુ કરવુ જોઇએ. મેનેજમેન્ટ દ્વારા પણ કર્મચારીઓના કામ પ્રત્યે રિવ્યૂ અને રિવોર્ડ બંને બાબતોને ધ્યાનમાં લેવી જોઇએ. કર્મચારીઓને પણ પ્રોપર એડવાન્ટેજ આપવો જોઇએ. ઓર્ગેનાઇઝેશનના વિકાસ માટે કર્મચારીઓનો રોલ, કલેરીફીકેશન, મિટીંગ્સ અને સ્ટ્રેટેજી મહત્વનો ભાગ ભજવે છે. એકશન ઓરીએન્ટેશન કામ થવુ જોઇએ. મેનેજમેન્ટ દ્વારા કર્મચારીઓના પણ ઓપીનીયન લેવા જોઇએ. ઓર્ગેનાઇઝેશને પણ કર્મચારીઓને સુરક્ષિત વર્કપ્લેસનુ પ્લેટફોર્મ પુરુ પાડવુ જોઇએ.

સેમિનારમાં ચેમ્બરના ઇવેન્ટ એન્ડ પ્રોગ્રામ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને શ્રી રામકૃષ્ણ એકસપોર્ટ્સના ચીફ હયુમન કેપીટલ ઓફિસર ડો. નિરવ મંદિરે પ્રાસંગિક વિધીઓ કરી હતી. ચેમ્બરની એચઆર એન્ડ ટ્રેનીગ કમિટીના કો– ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.